## (૯) શ્રી ચંદ્રપ્રભુ ભગવાન....

પૂજું પૂજું, હે ચંદ્રપ્રભુજી, ભાવભક્તિથી આજ....

વિજયંત વિમાન સુનું થયું, પધાર્યા ભરતમાંય;
શ્રદ્ધામાં શુદ્ધાત્મા આવે, એ જ ગર્ભકલ્યાણ....પૂજું પૂજું...

શુક્લ વર્ણ બીજ લક્ષણ ધારક, નંદન લક્ષ્મણા માત;
સમ્યગ્જ્ઞાન જ્યોતિ જાગે, સાચો જન્મકલ્યાણ....પૂજું પૂજું...

બ્રહ્મલોકથી દેવો આવે, અનુમોદવા વૈરાગ્યભાવ;
સ્વરૂપમાં ઉપયોગ રમે, યથાર્થ તપકલ્યાણ....પૂજું પૂજું...

ત્રણ માસ નિર્ગ્રંથ સાધના, પ્રગટ્યા અનંત ચાર;
જ્ઞાન જ્ઞેયાંતર હવે ન પામે, ખરો જ્ઞાનકલ્યાણ....પૂજું પૂજું...

અષ્ટ ગુણ ખીલી ગયા ને, અષ્ટ કર્મનો નાશ;
અષ્ટમ ભૂમિમાં આઠમા તીર્થંકર, ઉજવો મોક્ષકલ્યાણ....પૂજું પૂજું...

ભક્તો આવો લલિત ટૂંકે, છોડી સર્વ કષાય;
બીજ ચંદ્ર સમાન ભેદજ્ઞાન કરીને, કરીએ સ્વ કલ્યાણ....પૂજું પૂજું...

***